# ચૌદમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**અગિયારમું સત્ર**

**બુધવાર, તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૨**

**બપોરના ૧૨–૦૦ વાગ્યે**

**૧. પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતનો પ્રશ્ન**

(૧) માનનીય સભ્યશ્રી ભરતભાઇ પટેલનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક–૮૦ " વલસાડ અને નવસારી જિલ્લામાં વરસાદથી રસ્તાઓને નુકશાન "

**..... માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)**

(૨) માનનીય સભ્યશ્રી શશીકાન્ત પંડયાનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક–૮૧ " બનાસકાંઠા અને જામનગર જિલ્લામાં અતિભારે વરસાદના કારણે ખેતીના પાકને થયેલ નુકશાન સામે સહાય "

**..... માનનીય કૃષિ મંત્રીશ્રી**

**૨. શોકદર્શક ઉલ્લેખો**

ગુજરાત રાજયના પૂર્વ મંત્રી સ્વ.શ્રી ભગુભાઇ ગોમાનભાઇ પટેલ, ગુજરાત રાજયના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી તારાચંદ જગશીભાઇ છેડા તથા ગુજરાત રાજયના પૂર્વ સભ્ય સ્વ.શ્રી સુરેન્દ્રસિંહ નેત્રપાલસિંહ રાજપૂત, સ્વ.શ્રી ઘનશ્યામભાઇ વેલશીભાઇ ઠક્કર, સ્વ.શ્રી ઈશ્વરભાઇ નરસિંહભાઇ વહીઆ, સ્વ.શ્રી મગનસિંહ ચિમનસિંહ વાઘેલા અને સ્વ.શ્રી ભરતભાઇ વશરામભાઇ ખોરાણીના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.

**3. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧) સન ૨૦૨૨નો વટહુકમ ક્રમાંક–૨–સન ૨૦૨૨નો ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**......રાજ્યકક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૨) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૮–૧૯ થી સન ૨૦૨૦–૨૧ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન.

**...... માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૩) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**...... માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૪) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ.

**...... માનનીય પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણા**

(૫) સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેનાં આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબનાં નાણા વિભાગના કુલ–૧૮ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૬ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન.

**...... માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૬) સન ૧૯૭૬ના ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, અન્વયેના નાણા વિભાગના,

(૧) તા.૨/૧૨/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક: જીએચએન–૯૫–પીએફટી–૨૦૨૧–એસ.૩(૨)(૯)–ઠ,

(૨) તા.૩/૧૨/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક: જીએચએન–૯૪–પીએફટી–૨૦૨૧–એસ.૩(૨)(૮)ઠ,

(૩) તા.૮/૪/૨૦૨૨ ના જાહેરનામા ક્રમાંક: જીએચએન–૩૫–પીએફટી–૨૦૨૨–એસ.૩(૨)(૧૦)–ઠ,

તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક: ૧ અને ૨ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન.

**...... માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૭) સન ૧૯૭૨ ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૯/૯/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંક: ઘઇ/૨૦૨૨–૬૧/જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨).

**...... માનનીય ઉર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૮) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે,

(ક) સન ૨૦૨૧–૨૨ના વર્ષ દરમ્યાન રાજ્ય સરકારે જે તે સંસ્થા વતી આપેલી બાંહેધરીની વિગતો દર્શાવતું પત્રક–૧.

(ખ) સન ૨૦૨૧–૨૨ના વર્ષ દરમ્યાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગતો દર્શાવતું પત્રક–૨.

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૨૧–૨૨ દરમ્યાન જે તે સંસ્થાઓ/વ્યક્તિઓએ ભરપાઇ કરેલ રકમોની વિગતો દર્શાવતું પત્રક–૩.

**...... માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

**૪. અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં**

ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૨નાં વિધેયક ક્રમાંક–૩, ૬, ૮ અને ૯ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

**......સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

**૫. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

(૧) કામકાજ સલાહકાર સમિતિના સત્તરમા અહેવાલની રજૂઆત

**........માનનીય અધ્યક્ષશ્રી**

(૨) જાહેર હિસાબ સમિતિના ચોથા અને પાંચમા અહેવાલની રજૂઆત

**......સમિતિના માનનીય પ્રમુખશ્રી પુંજાભાઇ વંશ/સભ્યશ્રી**

(૩) જાહેર સાહસો માટેની સમિતિના સત્તરમા, અઢારમા, ઓગણીસમા અને વીસમા અહેવાલની રજૂઆત

**......સમિતિના માનનીય પ્રમુખશ્રી પ્રદિપસિંહ જાડેજા/સભ્યશ્રી**

**૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના સત્તરમા અહેવાલ સાથે સંમત થાય.''

**૭. સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક ઉપર પુન:વિચારણા કરવા માટેના રાજ્યપાલશ્રીના સંદેશ અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**૮. સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયકને પાછું ખેંચવાની અનુમતિ માંગતો પ્રસ્તાવ**

**.....માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા**

**૯. સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૨૨નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક.

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**......માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૨નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક.

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૩) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૨નું ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) વિધેયક.

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**<u>..... માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ</u>**

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**